# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-11-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# GUJARAT PRAVASAN

રાજ્યમાં દિવાળીના તહેવારો દરમિયાન 16 પ્રસિદ્ધ પ્રવાસન સ્થળોની 61 લાખથી વધુ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી.

દેશ-વિદેશના સહેલાણીઓમાં ગુજરાતના પ્રવાસન ક્ષેત્રો પ્રત્યે અનેરૂં આકર્ષણ જોવા મળે છે. આ વર્ષે દિવાળીની રજાઓના વીસ દિવસના સમયગાળામાં, રાજ્યના 16 પ્રવાસન આકર્ષણો અને યાત્રાધામની 61 લાખ 70 હજાર 716 લોકોએ મુલાકાત લીધી હતી.

સ્ટેચ્યુ ઑફ યુનિટી,, અટલ બ્રિજ, રિવરફ્રન્ટ ફ્લાવર પાર્ક, કાંકરિયા તળાવ, પાવાગઢ મંદિર, અંબાજી મંદિર, ગિરનાર રોપવે, સાયન્સ સિટી, વડનગર, સોમનાથ મંદિર, દ્વારકા મંદિર, નડાબેટ, મોઢેરા સૂર્ય મંદિર, સ્મૃતિવન, ગીર અને દેવળીયા તેમજ દાંડી સ્મારક ખાતે બહોળી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચ્યા હતા. અમદાવાદમાં સાડા પાંચ લાખથી વધુ પ્રવાસીઓએ કાંકરિયા પરિસરમાં વિવિધ આકર્ષણોની મોજ માણી હતી. ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ અને મંદિરોમાં સૌથી વધુ દ્વારકામાં 13 લાખથી વધુ લોકો દર્શનાર્થે આવ્યા હતાં.

----------------------------

# Atrocity Against Women

અમદાવાદ જિલ્લામાં મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા આજથી મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન હાથ ધરાશે.

10 ડિસેમ્બર માનવ અધિકાર દિવસ  સુધી ચાલનારા આ અભિયાન દરમિયાન ઘરેલું હિંસા કાયદો-2005 અંતર્ગત સેમિનાર, મહિલા હેલ્પલાઈન 112, 181, ચાઈલ્ડ હેલ્પ લાઈન 1098 અંતર્ગત પ્રચાર પ્રસાર કાર્યક્રમ, બાળ લગ્ન પ્રતિબંધિત અધિનિયમ, 2006 અંગે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવશે. આ ઉપરાંત, સાયબર સેફટી અંગે જાગૃતિ સેમિનાર, પોકસો એક્ટ- 2012 અંતર્ગત કાર્યક્રમ, કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી, જાતિગત સંવેદનશીલતા અંગે જાગૃતિ કાર્યક્રમ, ભારતીય ન્યાય સંહિતા-2023 અધિકાર અંગે પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

---------------------------

## Weather office 150 years

હવામાન વિભાગ અમદાવાદની સમર્પિત હવામાન સેવાના 150 વર્ષની ઉજવણીના ભાગરૂપે જીઆઈડીએમ ઓડિટોરિયમ, ગાંધીનગર ખાતે હિતધારકોની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઇસરોના ડાયરેક્ટર નિલેશ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં નિષ્ણાતો અને હિતધારકો વચ્ચે ભાવિ સહયોગની અને આબોહવા દેખરેખ પર ચર્ચા થઈ હતી. હવામાન વિભાગના વડા ડોક્ટર અશોકકુમાર દાસે  આ બેઠક અંગે વધુ માહીતી આપી.......

(Byte – A.K.Das)

---------

**Siddhpur - Matru Vandana**

પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતે બે દિવસીય માતૃવંદના મહોત્સવને ગઈ કાલે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપુત અને મંત્રી મુળુભાઈ બેરાએ ખુલ્લો મુક્યો હતો.

સિદ્ધપુર સંસ્કૃતિનું ધરોહર અને પૌરાણિક યાત્રાધામ છે. અહીં માતૃ તર્પણનો મોટો મહિમા છે. શ્રી બળવંતસિંહે ભાવિ પેઢી સુધી રાજયનાં સાંસ્કૃતિક વારસાને આગળ ધપાવવા આહ્વાન કર્યું તેમજ તમામ સદગત માતાઓને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા પાટણ જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે સિદ્ધપુર બિંદુ સરોવરની સંનિધિમાં યોજાયેલા માતૃવંદના ઉત્સવ 2024"નું આજે સમાપન થશે.

--------------------------

**Raghavaji Patel Lok Sampark**

રાજ્યના કૃષિ, પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જામનગરના નાગરિકો અને આગેવાનો સાથે લોકસંપર્ક યોજી વિકાસ કાર્યોની ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમમાં જામનગર શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહીને પોતાની રજૂઆતો કરી હતી.

ઉલ્લેખનીય છે કે, કૃષિમંત્રી દ્વારા જાહેર જનતા સાથે સંવાદ સેતુ સાધવા આ પ્રકારના લોક સંપર્કનું આયોજન દર અઠવાડિયે શહેરના લાલ બંગલા સ્થિત સર્કિટ હાઉસ ખાતે  કરવામાં આવે છે.

--------------

## IOA Mehsana Divyang stude

દિલ્હી ખાતે ૧૯થી ૨૨ નવેમ્બર દરમ્યાન યોજાયેલી ઈન્ટરનેશનલ સ્પેશિયલ ઓલિમ્પિક્સ એશિયા પેસિફિક રિજનલ ગેમ્સમાં મહેસાણાના દિવ્યાંગ ખેલાડી પ્રકાશ વાઘેલાએ બોલ ગેમમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે.

ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત માનસિક દિવ્યાંગ બાળકોની દિશા સ્કૂલમાં ભણતા પ્રકાશ વાઘેલાએ 12 દેશના ૧૩૫ માનસિક દિવ્યાંગ ખેલાડીને હરાવીને આ સિધ્ધિ હાંસલ કરી છે.

પ્રકાશ વાઘેલા અગાઉ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતમાં ભાગ લઇ ચુક્યા છે. તેઓ ટેબલ ટેનિસમાં રજત ચંદ્રક મેળવી ચૂક્યા છે.

----------------------------

## MEHSANA- MARKET YARD

ઊંઝાના માર્કેટયાર્ડમાં રાજસ્થાનના 12 જિલ્લાઓના 12 ખેડૂત સંગઠનોના 50 પ્રતિનિધિઓની  મસાલા પાક ઉદ્યોગની કાર્ય પ્રણાલી અંગેની બે દિવસીય  પ્રશિક્ષણ શિબિર યોજાઈ હતી. જેમાં જીરું પ્રોસેસિંગ, ક્લિનીંગ,  હરાજી, નિકાસ સહિતના કાર્યોની માહિતી અને દેશમાંથી જીરું, વરિયાળી, ઇસબગુલ, ધાણા, મરચા વગેરેની અન્ય દેશમાં નિકાસ અંગે માહિતી અપાઈ હતી.

----------------------------

## Bajipura Cheating

રાજ્યમાં ટેલિગ્રામથી છેતરપિંડીના બનાવ સતત વધી રહ્યા છે. આજે તાપી જિલ્લામાં વાલોડ તાલુકાના બાજીપુરા ગામમાં રહેતા યુવક સાથે 4 લાખ 40 હજાર રૂપિયાની નાણાંકીય છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી છે.

ઉત્તરપ્રદેશના નીતિન નામના વ્યક્તિએ ટેલિગ્રામમાં લોભામણી જાહેરાત આપી છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. ટેલીગ્રામમાં લિંક મોકલી ઈનવેસ્ટ કરવાના બહાને નાણાંકીય છેતરપિંડી કરવામાં આવતા વાલોડ પોલીસ મથકે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરાઈ છે.

.................